॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૬ | ફેબ્રુઆરી-૧૯૮૬ | અંક ૫

## વાલીઓને,

### પરીક્ષા એક આવશ્યક દૂષણ ?

આ વિષય ઉપર આજ કોલમમાં ઘણીવાર કહેવાયું છે- કેટલીક પુનરુક્તિના દોષ સાથે પણ આ બાબતે વાલીઓને એજ વિષય ઉપર કહેવાનું જરૂરી જણાય છે.

યાદશક્તિને આજની પરીક્ષામાં ઘણું પ્રાધાન્ય આપવામાં આવે છે તે તેનું મોટામાં મોટું દૂષણ છે. નવી શિક્ષણ વ્યવસ્થામાં તેને કેટલું દુર ખસેડી શકાય છે તે જોવું રહ્યું. આમ છતાં નિયમિત અભ્યાસ કરનારને પરીક્ષા સમયે ‘ગોખણપટ્ટી’ કરવા માટે અસાધારણ લાંબો સમય આવશ્યક નથી. હકીકતમાં એ રીતે ટુંક સમયમાં ઘણું બધું ગોખી નાખવું શકય હોય તો પણ નિરર્થક છે. આમ છતાં વિશેષે કરીને ઉપરના ધોરણના વિદ્યાર્થીઓ પરીક્ષાના આગળના દિવસોમાં શાળામાં ગેરહાજર રહી ‘પરીક્ષાની તૈયારીમાં પડી જાય છે તે જોઇ દયા આવે છે-પરીક્ષાના પડકારથી ડરી જતા જોઇને. સજાગ વાલીઓને પણ આ પરિસ્થિતિ જોઈ દુઃખ થાય છે તે હું જાણું છું. કેટલીકવાર બધા વિદ્યાર્થીઓ ન હોય અને પોતે જાય તો કેવું લાગે એવો નૈતિક હિંમતનો અભાવ પણ કારણભૂત છે તેવું જણાયુ છે

આનો ચેપ નીચેના ધોરણમાં પણ લાગતો જણાયો છે. આજની શૈક્ષણિક પરિસ્થિતિમાં પરીક્ષા શિક્ષણની કરોડરજ્જુ બની ગઈ છે કમનશીબ વાત સ્વીકારીએ તો પણ તે પરિસ્થિતિમાંથી કંઈક દૂર થવા મથામણ કરવી જરૂરી તો છે જ. આથી નીચેના ધોરણોમાં પ્રયોગ-સ્વરૂપે અણચિંતવી પરીક્ષા (સરપ્રાઈઝ ટેસ્ટ)નો એક પ્રયોગ ઉપકારક જણાય છે. મૌખિક તેમ જ લેખિત આવી ચકાસણી ઘણું સારૂં કામકરી શકે. અમુકચોક્કસ દિવસોમાં બધાં વિષયની પરીક્ષા એક સાથે ન રાખતા તેને છૂટી છૂટી લઈ શકાય.

નવી શિક્ષણ નીતિમાં બાળક ઉપરના પુસ્તકોના ભારનો ઘટાડો થાય તેવી એક આશા રહે છે; એથી વધુ આશા એ રાખીએ કે બાળકના રચનાત્મક વલણોને બાધા રૂપ આજના અન્ય ભાર દૂર થાય અને તે સાચી કેળવણી પામે. કમસે કમ હવે પછીની પેઢી કલાર્કો ઉત્પન્ન કરનારી શૈક્ષણિક પધ્ધતિમાંથી છૂટી એકવીસમી સદીમાં પ્રવેશે એવી શુભેચ્છા.

દિનુભાઈના વંદન

---

### હાઇકુ

ન જાઓ જ્યાં છે
રસ્તો, મળે ન રસ્તો
મૂકો ત્યાં ચીલો

રાજકારણ ?
કારણ ખુરશી જ.
ન બીજું કંઈ

રોકેટ છોડયું
વાદળ પાછળ જે
જોયું કે પછી

જવાન ડોસો
ના, ના ખાલી કલ્પના
જ માત્ર હતી!!!

પારસ ત્રિવેદી ૧૦ अ.

આળસનું નહીં નામ
વહેલા ઉઠવાની આદત
ભણવાની તમન્ના
કામનો અનહદ આનંદ

શીલ દેસાઈ ૪ अ.

## બાલમંદિર

આ માસ દરમ્યાન તાલીમ મંડળીના બાળકોએ રમતોત્સવ ઉજવ્યો. તેમાં જુદી જુદી રમતોમાં જે બાળકો પ્રથમ, દ્વિતીય અને તૃતિય કક્ષામાં આવ્યા છે તેમને પ્રમાણપત્ર આપવામાં આવશે.

**તા. ૧૦-૧-૮૯ને શુક્રવારે** પરાગ ઇન્ફન્ટ સ્કુલની તેર બેનોએ આપણા બાલમંદિરની મુલાકાત લીધી, અને બાળકોની વિવિધ પ્રવૃત્તિઓનું અવલોકન કર્યું.

તા. ૨૦-૧-૮૯ને સોમવારે મોટા બાલમંદિરના બાળકોએ વાસણાડેમનો પ્રવાસ કર્યો બધા બાળકોને ડેમ બતાવ્યો ત્યારબાદ ક્રિડાંગણમાં તેઓ ખૂબ રમ્યા, દોડવાની કૂદવાની મઝા પડી. હાજીખાનીનો ચેવડો ને તલસાંકળીનો નાસ્તો ખાઇ બસમાં ગીતો ગાતાં ગાતાં પાછા ફર્યા.

તા ૨૨-૧-૮૯ને બુધવારે બાલમંદિરના બે પ્રવાસ યોજાયા. નાના બાલમંદિરના બાળકોએ કાંકરિયા તરફ પ્રયાણ કર્યું. અને તાલીમ મંડળીના બાળકોએ વિશાલાનો પ્રવાસ કર્યો. કાંકરિયા પ્રવાસમાં નાના બાળકોએ પશુપંખીનું નિરીક્ષણ કર્યું. મગસ અને ચેવડાનો નાસ્તો કર્યો. આ બાળકો બીજે દિવસે બાલમંદિર આવ્યા ત્યારે પગમાંથી બૂટચંપલ કાઢવાની ના પાડતાં હતાં કે "બેન અમારે તો કાંકરિયા જવું છે."

વિશાલામાં બાળકોએ સુંદર કારીગીરીવાળા વાસણોનું પ્રદર્શન જોયું. ગામડાની હાટડી, ગામડાના ઘરો, ગામડાના હિંચકા તથા ગામડાની ઝુંપડીઓના વાતાવરણમાં આનંદના હિલોળા સાથે બાળકો મુક્ત મને રમ્યા. પડિયામાં બટાટા-પૌંઆ ને સુખડીનો નાસ્તો ખાધો અને કુલડીમાં છાશથી વિશાલાની મહેમાનગતિ માણી. આવી પ્રવૃત્તિથી બાળકનું શબ્દ ભંડોળ ખૂબજ વધે છે, તે જોયું. તાલીમમંડળીની બેનોએ ગરબા ગાયા અને ખાડામાં ખૂબ ખૂબ રમ્યા. આ સાથે કુંભારનો ફરતો ચાકડો અને નિભાડો જોવાનો લ્હાવો લીધો, કઠપૂતળીનો ખેલ જોયો, જતી વખતે સૌ બાળકોએ મુખવાસ લઇ વિશાલાની વિદાય લીધી. તા. ૩૦મી જાન્યુઆરીએ મોટા બાલમંદિરના બાળકોએ વિશાલાનો પ્રવાસ કર્યો. પચીસેક બાળકોએ ત્યાં બેસી ચિત્રો દોર્યા, લીલી વરીયાળી લઇને પ્રવાસેથી પાછા ફર્યા.

જ્યોત્સ્નાબેન શોધન

## શિશુમંદિર

**દંત ચિકિત્સા :-**

દાંતની યોગ્ય જાળવણી શારીરિક સ્વાસ્થ્ય માટે બહુ મહત્ત્વની છે તે માટે તા. ૩૦, ૩૧ જાન્યુઆરીના રોજ ઇન્ડીયન ડેન્ટલ એસોસીએશનના સહકારથી ધોરણ ૧ થી ૭ના વિદ્યાર્થીઓની દંત-ચિકિત્સા કરવામાં આવી જેમાં અમદાવાદમાં અગ્રગણ્ય દાંતના દાકતરોએ જાતે આવીને વિદ્યાર્થીઓને સ્લાઇડ શો વડે સમજ આપી દાંતની તપાસ કરી. આ તપાસનો અહેવાલ વિદ્યાર્થીના વાલીને મોકલી આપવામાં આવ્યો અને જરૂર જણાય તો વાલીએ રૂબરૂ મળવાનું જણાવવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પોતાનો અમૂલ્ય સમય આપી સેવા આપનાર નીચે પ્રમાણે ડોકટરશ્રીનો સંસ્થા આભાર માને છે. અને તે સાથે ઇન્ડીયન ડેન્ટલ એસોસીએશન તરફ પણ આભારની લાગણી વ્યક્ત કરે છે.

| | |
|---|---|
| ૧ ડો કે. એસ. ગોહિલ | ૧૧ ડો. આર. એચ. બારૈયા |
| ૨ ડો. યોગેશભાઈ ત્રિવેદી | ૧૨ ડો. એસ. એમ. બુટાલા |
| ૩ ડો નૈલેશભાઈ ગાંધી | ૧૩ ડો. ડી. પી. પંડ્યા |
| ૪ ડો. રૂદ્રેશભાઇ ભટ્ટ | ૧૪ કુ. દર્શના મોદી |
| ૫ ડો. ચેતનાબેન ગાંધી | ૧૫ ડો. શાયેસ્તા માચીસવાલા |
| ૬ ડો. ગિરીશભાઇ પરમાર | ૧૬ કુ. રશ્મી પંડ્યા |
| ૭ ડો. પ્રીતીબેન દલાલ | ૧૭ કુ. સોનલ કાપડીઆ |
| ૮ ડો. એમ. એ. ભલ્લા | ૧૮ કુ. મીના પટેલ |
| ૯ ડો. તુષારભાઈ અમીન | ૧૯ શ્રી કેતન પટેલ |
| ૧૦ ડો. જે. ટી. વાણીયા | |

**પ્રવાસ :-**

તા. ૧૧ અને ૧૨મી જાન્યુઆરીના રોજ ધોરણ ૬ના વિદ્યાર્થીઓ માટે સાળંગપુર વેળાવદરનો પ્રવાસ યોજવામાં આવ્યો વિદ્યાર્થીઓએ સાળંગપુરનાં સ્વામીનારાયણ મંદિરમાં રાતવાસો કર્યો અને અભયારણ્યમાં હરણોના મુક્ત પણે વિહરતા ટોળાં જોવાનો આનંદ માણ્યો.

તા. ૧૮ અને તા. ૧૯ની જાન્યુઆરીના રોજ ધોરણ ૭ની બહેનોનો બાલારામનો પ્રવાસ યોજવામાં આવ્યો પાલનપુરની શાળામાં રાત્રી મુકામ કરીને શાળાના વિદ્યાર્થીઓએ બીજે દિવસે બાલારામની મુલાકાત લીધી ધારમાતાના દર્શન કરી નદીસ્નાનની મોજ માણી.

તા. ૧૩, ૧૪, ૧૫, ડિસેમ્બરના રોજ ધોરણ ૭ના વિદ્યાર્થીઓ માટે વર્લ્ડ વાઇલ્ડ લાઇફના સહકારથી ઝેનાબાદ ખાતે એક કેમ્પ યોજવામાં આવ્યો જેમાં ૫૧ વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી ઘણું જ્ઞાન મળ્યું.

**અભિનંદન :**

ચિ. કોમલ બોડીવાલાને જ્યોતિ બાલ ચિત્ર સ્પર્ધાના આશ્વાસન ઇનામ મેળવવા બદલ અને હંગેરીમાં યોજાયેલ ચિત્ર હરિફાઈમાં પણ સેકન્ડ કેટેગરીમાં ત્રીજું ઇનામ મેળવવા બદલ અભિનંદન

કુમુનભાઈ શાહ

# વિનયમંદિર

* ડીસેમ્બર ૨૧, ૧૯૮૫ના રોજ વલસાડથી આવેલા માનસ-શાસ્ત્રના પ્રોફેસર શ્રી જી ટી. પંડયાએ 'જીવનમાં રમતનું મહત્વ' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
* ૪ જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ચિ. દિલીપ દરબારે ધો. ૮, ૯, ૧૦ ના વિદ્યાર્થીઓ સમક્ષ યોગના આસનો અને ક્રિયાઓ દર્શાવી ભારતીય યોગનો ખ્યાલ આપ્યો હતો.
* જાન્યુઆરી ૧૯૮૬ના પ્રથમ સપ્તાહમાં પ્રો. ટી. જે પુરાણી એ અંગ્રેજીમાં "sense of humour" વિષય પર ધો. ૧૦, ૧૧, ૧૨ના વિદ્યાર્થીઓ સમક્ષ સુંદર વ્યાખ્યાન આપ્યું હતું.
* તા. ૨૨ જાન્યુઆરી ૧૯૮૬ના રોજ આપણી શાળાની ક્રિકેટ ટીમના ખેલાડીઓને નિમાયક શ્રી હિનુભાઈ દવેના ના હસ્તે જોગીંગ સુટ આપવામાં આવ્યા હતાં. ટીમના કોચ શ્રી નિરંજનભાઈએ ક્રિકેટ ટીમની સિધ્ધિ નો અહેવાલ આપ્યો હતો. શ્રી દેવેન્દ્રભાઈએ જોગીંગ સુટનું ડોનેશન આપનાર સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલના વાલી શ્રી રાજીવભાઈ રમણલાલનો આભાર માન્યો હતો માનનીય શ્રી હિનુભાઇએ ખેલાડીઓને આશીર્વચન આપ્યા હતા.

### અભિનંદન

* ચિ. શ્રવણ કિનારીવાલા, આપણી શાળાની ટીમના કેપ્ટન છે તેઓ રણજી ટ્રોફીમેચમાં પસંદગી પામ્યા હતા શાળાકક્ષાએ આ પ્રથમ પ્રસંગ છે. મુંબઈ ખાતેની સી. કે. નાયડુ ટુર્નામેન્ટ U-22 પસંદગી પામીને રમ્યા હતા.
* ચિ. ગુંજન ભાઉ ટેનીસની રમતમાં ગુજરાત કક્ષાએ રમીઅન્ડર ૧૮માં તેમણે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.
* તા. ૨૮ થી ૩૧ જાન્યુઆરી, ૧૯૮૬ના દિવસોએ ધો. ૯ ના લગભગ ૩૩ વિદ્યાર્થી ભાઈ-બહેનો ને "વકતૃત્વ" માટે આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલના વાલી માનનીય શ્રી શિવપ્રસાદભાઇ વ્યાસે સુંદર માર્ગ-દર્શન આપ્યું હતું.

* ક્રિકેટ ટીમની આ વર્ષની સિધ્ધિઓ *

* પાર્લે સંચાલિત વિનુ માંકડ ઇન્વીટેશન ટ્રોફીમાં અમદાવાદ વિભાગમાં આપણે ચેમ્પીયન બન્યા છીએ.
* હવે ઓલ ઇન્ડિયા થમ્સ અપ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આપણા ખેલાડીઓ દિલ્હી જશે
* દિવાન બલ્લુભાઈ કપમાં આપણી ટીમે રનર્સ અપ કપ મેળવ્યો છે.
* હિલ ચેલેન્જ શીલ્ડ મેચોમાં પણ આપણે રનર્સ અપ કપ મેળવ્યો છે

દેવેન્દ્રભાઇ ઠાકર

# 'મારે કંઇક કહેવું છે.'

શાળાનું નવું સત્ર શરૂ થયું ત્યારથી નિરજે મનમાં ગાંઠ વાળી હતી કે આ વખતે તો મારે મહામંત્રી બનવું જ છે..... આમેય હું વિદ્યાર્થીઓમાં પ્રિય તો છું જ, ભણવામાં ય હું ઠીક ઠીક આગળ પણ છું, પછી મારા સહાધ્યાયીઓ શા માટે મને મત ન આપે?....અને....પ્રચાર, એ તો હું કરીશ જ ને?....પછી કયાંથી પાછા પડાશે?....ને હાં એક વખત હું ચુંટાઉં પછી તો બસ બધા મને યાદ કરશે કે મહા-મંત્રી તો આવો જ જોઇએ ... આપણે પસંદગી બરાબર કરી"

ને ચૂંટણીનાં દિવસો પાસે આવવા લાગ્યાં...આજે પ્રાર્થનામંદિરમાં ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવનાર વિદ્યાર્થી ને તેમનું વક્તવ્ય રજૂ કરવાનુ હતું, બીજા કેટલાક વિદ્યાર્થી એ તેમને ટેકો આપવાનો હતો ને તેમાં સંકળાયેલા સૌ વિદ્યાર્થીઓ તડામાર તૈયારીમાં લાગી ગયાં હતા નિરજે પણ તેની તૈયારી શરૂ કરી દીધી હતી. મોટાભાઈની મદદ, અને પપ્પા મમ્મીનાં સૂચનોને ધ્યાનમાં લઇ સરસ મજાનું ભાષણ તૈયાર કર્યું હતું. સુંદર રીતે રજૂઆત કરી શકાય તે માટે અરીસા સામે ઊભા રહી હાવભાવ સાથે પાંચેક વખત તેની પ્રેકટીસ પણ કરી લીધી હતી, શકય તેટલી બધી જ તૈયારી નિરજ ને પહેલેથી નિશ્ચિત ધ્યેયને સિધ્ધ કરવાની લગની હતી; આદત હતી.

અને જેની રાહ જોવાતી હતી તે ક્ષણ પણ આવી પહોંચી ... 'નિરજ શાહ' નામ બોલાયું ને નિરજ આગળ આવ્યો. સૌ કોઇએ તેને તાલીઓથી વધાવ્યો, ને નિરજે છટાભેર શરૂઆત કરી...બે ત્રણ વાકયો ખૂબ સુંદર રીતે બોલાયા ને અરે! આ શું?

"ધરતી પગ નીચેથી સરતી લાગે છે, મગજ શૂન્ય બનતું જાય છે, હાથ પગ ધ્રુજવા લાગ્યાં છે, અરે! મને કેમ કશું યાદ નથી આવતું? કેટલું બધુ કહેવું છે પણ કેમ કશું કહેવાતું નથી?... ને નિરજ શૂન્ય મનસ્ક બની ગયો....

અને એટલે જ દરેક વ્યક્તિ માટે જરૂર છે. વકતૃત્વ શક્તિ ખીલવવાની....જીવનમાં દરેકને ભાષણ કરવાનાં પ્રસંગો પડતાં નથી છતાં ય દરેક વ્યક્તિએ સામી વ્યકિતને તેની વાત સમજાવવાની જરૂર પડે છે. નિઃસંકોચપણે, સ્પષ્ટ અને સરળ રીતે પોતાના વિચારો વ્યક્ત કરવાની કળાની, અને એટલે જ તા. ૨૮, થી ૩૧ જાન્યુઆરીનાં રોજ Elocution workshop યોજાઇ જેમાં ત્રીસેક જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. શાળાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી શ્રી શિવપ્રસાદ વ્યાસે આનું સંચાલન કર્યું તે માટે સંસ્થા તેમના તરફ આભારની લાગણી વ્યકત કરે છે.

ઉર્મિલા શાહ

## જો હું નાનું બાળક હોત તો,

જો હું નાનું બાળક હોત તો,
કેવી મજા આવત ! ,
નિર્દોષ રહીને પારણામાં ઝુલવાની
કેવી મજા આવત !

કાલું કાલું બોલીને, નાના મોટા સૌના
દિલ જીતવાની, કેવી મજા આવત !
કોઇ પ્રેમથી રમાડે ત્યારે
ખિલખિલાટ હસવાની કેવી મજા આવત !

નહીં ઝગડા, નહીં વેરઝેર
પ્રેમથી જીવવાની કેવી મજા આવત !
નહીં જવાબદારી કે
નહીં ઘરમાં કામ

બસ આરામ ને લ્હેર
શાંતિ ને સુખ
મઝા મઝા બસ મઝા મઝા

જાનકી શાહ ૬ ब

વર્ષગાંઠ છે બહેનની
હૈયે ઉમંગ અનેરો
હોંશે બોલાવું આજ તો
જમવા લોક ઘણેરા

મનમાં એવા અરમાન
પીરસું પાંચ પકવાન

રાજવી પ્રદીપભાઈ શાહ ૬ अ

હરો ફરો ને રમો સાથે,
ગમ્મત કરતાં ભણતર કરવું
એજ અમારું કામ
જીવનના એ અંત સુધી સૌ,

હરો ફરો ને જ્ઞાન મેળવો
દુનિયા તો ના ચાલી શકે,
ભણતર વિના આજ
ગમ્મત સાથે જ્ઞાન લેતાં

જઈ આવો અવકાશે
ગમ્મત કરતાં ભણતર એ તો
એ જ અમારૂં કામ

સંકલન : ચંદન ઠાકોર ૭ ब

## ઉત્તમ ખલાસી

સમંદરને પેલે પાર જે પહોંચે ખલાસી,
એ જ કહેવાય છે ઉત્તમ ખલાસી.

ઉત્તમ ખલાસીએ મીટ માંડી જોયું,
સમંદરમાં નર્યું પાણી જ દેખાયું.

ખલાસીના સાથીઓની હિંમતને તોડીને,
આજે સમંદર અવળો ચડયો છે.

પણ હજી ખલાસીએ હિંમત ના હારી,
તેથી સમંદર ઢીલો પડયો છે.

બધાં ઊતર્યા છે પેલે પાર હેમખેમ,
સહુએ બોલાવી છે ખલાસીની જયજય.

સંકલન ધારા એમ. પરીખ ૮ ब

તંત્રી. મુદ્રક, પ્રકાશક : હિતુભાઈ હ. દવે આચાર્ય અને નિયામક શારદામંદિર રોડ, અમદાવાદ–૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૭. ફોન : ૪૬૨૭૮૮